## 'કલમ કડછી બરછી'ના ૪૮માં વર્ષના પ્રારંભે...

જ્ઞાતિના મોભી અને 'બરછી'ના આદ્યસ્થાપક સ્વ. મુ. શાંતિભાઈની ૨૩ મી પૂણ્યતિથિએ ભાવભરી અંજલિ સાથે...સમસ્ત જ્ઞાતિના અપ્રતિમ સ્નેહભર્યા સહયોગ અને વિશેષ તો આજના તેમજ સ્વ. મુ. શાંતિભાઈના સમયથી અવિરત અડીખમ સાથ સહકાર આપી રહેલ પ્રતિનિધીઓ થકી 'કલમ કડછી બરછી' ૪૮માં વર્ષમાં પ્રવેશ કરી રહયું છે. મેં ભરયુવાનીમાં 'બરછી'નું સુકાન સંભાળેલ જેને ૨૩ વર્ષ આંખના પલકારામાં વીતી ગયાં. ઘણી ખાટી મીઠી જોઇ. પરિવર્તન જોયાં. પેઢી બદલાતી ગઈ–જોઈ, બદલાતા સમયના વહેણ સાથે અનેક સમાચાર માધ્યમો આવતાં ગયાં છતાં 'બરછી'ને કોઈ જ પ્રચાર વિના ગ્રાહક થવામાં અને વધુ તો સમાચારો મોકલવામાં સૌનો સ્વયંભૂ સહકાર સાંપડી રહયો છે, બરછીના શરૂઆતથી સાક્ષી છે તેવા વડીલો સાથે યુવા પેઢી પણ ઉત્સુકતા સાથે બરછીમાં નજર ફેરવે છે. તે દરેક માટે ધન્યતા અનુભવીએ છીએ.

આજના યુવા ધનની શિક્ષણ વ્યવસાયમાં પ્રગતિ પ્રશંસા પ્રેરક છે. નવા યુગ પ્રમાણેની કલાનો વારસો થોડો જીવંત છે. અંગ્રેજીની 'ઘેલછા'માં સાહિત્યનો વારસો ગુમાવતા જઈ રહયા હોઈએ તેમ જણાય છે, તો ભૌતિકવાદ,સ્વાર્થ મોહની માયાજાળમાં સંસ્કાર–સંસ્કારિતાને કોરાણે મુકી વડીલો હાંસિયામાં ધકેલાવા, ઘટતી જતી કુટુંબભાવના અને સંવેદના, સગપણ, લગ્ન વિચ્છેદના વધતા કિસ્સાઓ સાથે ભ્રષ્ટાચારમાં પણ જ્ઞાતિબંધુઓના નામ પ્રગટ થવાના કિસ્સાઓ બનવા જેવી ઘણી ખેદજનક બાબતો પણ બની રહી છે. જેનો રંજ સાથે સ્વીકાર કરવો પડે તેમ છે. ગતાંકમાં છપાયેલ 'આ શું થવા જઈ રહયું છે ?' વિષયક લેખ તેમજ અન્ય દિશાસૂચક લેખોને સૌનો આવકાર સાંપડતો રહયો છે. લેખકને – બરછીને બિરદાવાતા ફોન તથા રૂબરૂ સંદેશા મળે છે જો કે પત્ર–લેખનનો વ્યવહાર ઘટતાં વિચાર મનન શકિત ક્ષીણ થતી અને તેથી આવા જ્ઞાતિ હીત–અહીતના વિષયો પર જ્ઞાતિજનોના મંતવ્ય, વિસ્તૃત અભિપ્રાય કે માર્ગદર્શન સાંપડે તેવી પ્રતિક્રિયા સાંપડતી નથી. ખેર ! અમે તો જ્ઞાતિના પ્રશ્નોને વાચા આપી તેનો યોગ્ય ઉકેલ શોધવા મથામણ કરવાના ઉદેશ્ય સાથે વફાદારી, પ્રેમભાવના, કુટુંબભાવના, પત્ની,માતા પ્રત્યે ઔદાર્યપૂર્ણ વ્યવહારની શીખ સાથે બહેનો નારાયણી સ્વરૂપ છે તેવી નાગર જ્ઞાતિની પરંપરાગત આગવી ઓળખ ટકાવી રાખવાના અને આ માધ્યમ દ્વારા સમસ્ત જ્ઞાતિને ઉપયોગી થવાના માત્ર અને માત્ર નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ કરી રહયા છીએ. જ્ઞાતિનું ઉન્નત મસ્તક રહે અને હંમેશા સારાંમાં નિમિત્ત બનીએ તે જ અભ્યર્થના સાથે ઈશ્વર સૌને સન્મતિ અને સદ્‌બુદ્ધિ આપે તે જ પ્રાર્થીએ...

આ તકે બરછીના વાંચકો, તમામ પ્રતિનિધીઓ,વિજ્ઞાપન દાતાઓના અંતઃકરણપૂર્વક આભારી છીએ.

**– વિરેન શાંતિભાઈ ધોળકિયા–તંત્રી.**

ખાસ નોંધ લેશો કે આ અંક ગત વર્ષના દરેક ગ્રાહકોને મોકલી રહયા છીએ. જેઓના લવાજમ સમયસર મળી ગયેલ છે તે દરેકને એડ્રેસ સ્લીપમાં RENEWED UPTO 2012 છાપેલ આવશે જેઓનું લવાજમ બાકી હશે કે જેઓની ઇલે.મ. ઓ. સ્લીપમાં નામ કે નંબર લખાયેલ ન હોય/ ઘણા મ. ઓ. આવતા હોવાથી અમારી શરતચૂકથી નામ લખવું રહી ગયેલ હોય, પ્રતિનિધીને લવાજમ આપેલ હોય પરંતુ ગ્રાહકનંબરના અભાવે રીન્યુ થયેલ ન હોય અથવા તા. ૨૦ ઓગષ્ટ પછી લવાજમ મળેલ હોય તેવા ગ્રાહકોને આ અંકની એડ્રેસ સ્લીપમાં RENEWED UPTO 2011 આવેલ હશે.જો લવાજમ ભરાઈ ગયું હોવા છતાં 2011 આવેલ હોય તો આપના ગ્રાહકનંબર,મ.ઓ. પહોંચનંબર જણાવી કાર્યાલયે ફોન/પત્રથી તુરત જાણ કરશો જેથી સપ્ટેમ્બરના અંકથી સુધારી શકાય અને સપ્ટે.ના અંકથી વંચિત ન રહો. લવાજમ બાકી હોય તો સત્વરે મોકલી આપશો. –તંત્રી.

## નૂપુર વૈદ્ય ડી.જી.ઓ. થયાં



ભોપાલ સ્થિત શ્રીમતી અર્ચનાબેન અને ગિરીશભાઈ વૈદ્યનાં પુત્રી જે સ્વ. પ્રવીણકાકન્ત વૈદ્યના પૌત્રી અને સ્વ. કાન્તિભાઈ દેસાઈના દોહિત્રી કુ. નૂપુર વૈદ્ય એમ.બી.બી.એસ.માં ગોલ્ડ મેડલ સાથે ઉર્તીણ થયા બાદ ડીં.જી.ઓ. માં ૬૬% સાથે ઉર્તીણ થયાં. અભિનંદન-શુભકામના.

## કુ. બાગેશ્રી ઝાલા એમ.એસ.સી.માં યુનિ.માં પ્રથમ સ્થાને



જામનગર સ્થિત ડો. જયેશભાઈ ગુણવંતભાઈ ઝાલા તથા શ્રીમતી સંધ્યાબેન ઝાલાના પુત્રી કુ. બાગેશ્રી ઝાલા સરદાર પટેલ યુનિ. દ્વારા તાજેતરમાં લેવાયેલ એમ..એસ.સી. (બાયોટેકનીક) ના બીજા સેમેસ્ટરમાં યુનિ. માં પ્રથમ સ્થાને ઉતીર્ણ થઈ કુંટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે. અભિનંદન સહ આગે બઢોની શુભકામના.

## સમગ્ર દેશમાં પ્રથમ વિજેતા



દેશની પ્રતિષ્ઠિત ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા દ્વારા ગત ૨૩-૨૪ જુલાઈના સી.એ. ની નેશનલ કોન્ફરન્સ નાગપુર ખાતે યોજાયેલી. આ કોન્ફરન્સમાં વડોદરાનાં સી.એ. (ફાઈનલ) ના વિદ્યાર્થી હિતાર્થ મયુરકુમાર દેસાઈ "એકસટેન્સીબલ બીઝનેશ રીપોર્ટીંગ લેન્ગ્વેજ" વિષય ઉપર પેપર રજૂ કરી સમગ્ર ભારતમાં પ્રથમ વિજેતા બનેલ છે. હિતાર્થ વડોદરાનાં મયુર જનાર્દન દેસાઈ તથા માલિની દેસાઈના પુત્ર તથા રાજકોટના રસીકભાઈ તથા સુધાબેન પોટાના દોહિત્ર થાય છે.

## કુ. તોષા દેસાઈ સેકન્ડ એમ.બી.બી.એસ.માં સાતમાં ક્રમે



જામનગરના જાણીતા ફિઝીશ્યન ડો. જતીન દેસાઈનાં પુત્રી કુ. તોષા દેસાઈ સેકન્ડ એમ.બી.બી.એસ.માં ૭૦% ગુણ સાથે સૌરાષ્ટ્ર યુનિ.માં કુલ ૩૦૦ વિદ્યાર્થીમાંથી તેઓ સાતમાં ક્રમાંકે ઉર્તીણ થયાં. કુ. તોષા રાજકોટના કાન્તિલાલ દેસાઈનાં પૌત્રી તથા ભુજના શ્રી ભરતભાઈ છાયાનાં દોહિત્રી થાય. અભિનંદન-શુભેચ્છા.

## કુ. આયુષી જોષીપુરા ધો. ૧૨માં યુ.એ.ઈ. સેન્ટરમાં દ્વિતીય



મૂળ વડોદરાના હાલ દુબઈ ખાતે જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા શ્રી દેવેષ જોષીપુરાનાં પુત્રી કુ. આયુષી જોષીપુરાએ દુબઈ ખાતે લેવાયેલ સેન્ટ્રલ બોર્ડની ૧૨ સાયન્સની પરીક્ષામાં ૯૫% સાથે યુ.એ.ઈ. સેન્ટરમા દ્વિતીય સ્થાન મેળવી ખ્યાતનામ નિરમા ઈન્સ્ટીટયુટમાં ઈ.સી.'માં પ્રવેશ મેળવ્યો. તેઓ રીટાયર્ડ ડેપ્યુટી સેક્રેટરી ચિરંતન જોષીપુરાનાં પૌત્રી તથા જાણીતા કચ્છી સાહિત્યવિદ શ્રી ભરતભાઈ છાંયા(જામનગર) નાં દોહિત્રી થાય. પ્રગતિ માટે શુભકામના.

## ડો. મનન છાયાએ એમ.એસ.ની પદવી મેળવી



વડોદરાના શ્રીમતી બીનાબેન તથા દુષ્યંત ઘનશ્યામરાય છાયાના પુત્ર ડો. મનન છાયા તાજેતરમાં એમ.એસ યુનિર્વસિટી દ્વારા લેવાયેલ એમ.એસ. (ઓર્થોપેડીક)ની પરીક્ષામાં ૬૪% સાથે પ્રથમવર્ગમાં ઉતિર્ણ થયા. તેમના મોટા પુત્ર ડો.જાગૃત ડી. છાયા પણ એમ.એસ.(ઓર્થોપેડીક) છે અને પોતાની બોટાદ ખાતેની હોસ્પિટલમાં કાર્યરત છે. અભિનંદન સહ શુભેચ્છા.

## એમ. એ.માં ગોલ્ડ મેડલ મેળવતાં ફુલવા કિકાણી



સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા મેં ૨૦૧૧ માં લેવાયેલ એમ. એ. (અંગ્રેજી) ફાઈનલ પરીક્ષામાં ફુલવા જયેશભાઈ (પર્સોનલ મેનેજર એચ જે સ્ટીલ) કિકાણીએ ૬૮.૨૫% સાથે ઉર્તીણ થઈ અંગ્રેજી ભવનમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ સુવર્ણચંદ્રક મેળવ્યો. માર્ચ ૨૦૦૪માં લેવાયેલ એસ. એસ. સી. ની પરીક્ષામાં પણ તેણીએ રાજકોટ જિલ્લામાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ. યશસ્વી શૈક્ષણિક કારકીર્દી જાળવી રાખવા બદલ બેન ફુલવાને અભિનંદન.

## કુ. દર્શી બક્ષીએ ડોક્ટરેટની પદવી મેળવી

વડોદરા સ્થિત કુ. દર્શી ભૂષણ બક્ષીએ એમ. એસ. યુનિ. ના જુઓલોજી ડીપાર્ટમેન્ટમાંથી ડો. કૈરેષ વછરાજાનીના માર્ગદર્શન હેઠળ કરેલ સ્ટ્રેસ એન્ડ ચાયાબીટીશ ઉપરના વિષય પર મહાનિબંધ રજુ કરી પીએચ. ડી ની પદવી મેળવી. અત્રે ઉલ્લેખનીય છે કે ઉજજવલ શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં કુ . દર્શી એ બીએસસી માં યુનિ.માં પ્રથમ સ્થાન મેળવેલ તથા એમએસસીમાં ગોલ્ડ મેડલ મેળવેલ હાલમાં નવરચના યુનિ.માં લેકચરર તરીકે ફરજ બજાવતા કુ દર્શી બક્ષી સ્વ. ભાનુપ્રસાદ ભોગીલાલ બક્ષીના પૌત્રી અને હરિવદન જુગતરાય રીંડાણીના દોહિત્રી થાય. ઉન્નતિની શુભકામના સહ અભિનંદન.

## પ્રણવ બક્ષી એમ.ઈ. થયા



મુંબઈ સ્થિત સૌ. સુધાબેન તથા શ્રી ભાર્ગવભાઈ ઉમંગપ્રસાદ બક્ષીના પુત્ર પ્રણવ બક્ષી મુંબઈ ખાતેની Institute of Chemical Technology(formerly known as UDCT) માંથી Master of Chemical Engineering (M.E.)માં ઉર્તીણ થઈ L & T કંપનીમાં પવઈ મુંબઈ ખાતે એન્જીનીયર તરીકે પસંદગી પામ્યા. ચી. પ્રણવ મુંબઈ નિવાસી સ્વ. ઈન્દુમતીબેન ઉમંગપ્રસાદ બક્ષીના પૌત્ર તથા જુનાગઢ નિવાસી સ્વ. ભાસ્કરરાય (ભાવભાઈ) મનસુખરાય વસાવડા અને સ્વ. નીલમબેન ભાસ્કરરાય વસાવડાના દોહિત્ર થાય.



## ઋષિકેશ પંડયા એમબીએ. થયા

રાજકોટ સ્થિત શ્રી જીતેન્દ્રભાઈ રામશંકર પંડયાના પુત્ર ઋષિકેશ પંડયા ગર્વમેન્ટ એન્જી. કોલેજમાં બી.ઈ.(આઈ.સી.) માં પ્રથમ વર્ગમાં અને એમબીએ (માર્કેટીંગ) માં પ્રથમવર્ગમાં ઉતીર્ણ થઈ કુંટુંબ તથા લુણાવાડા વિસનગરા જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે. અભિનંદન.



## કુ. મેઘા પોટા એમસીએ. થયાં

જામનગરના સ્વ. પ્રભુલાલ હિંમતલાલ પોટાના પૌત્રી અને કિરીટભાઈ પ્રવીણભાઈ વત્સરાજના દોહિત્રી તે જામનગર સ્થિત શ્રી જયેશભાઈ તથા રશ્મિબેન પોટાના પુત્રી કુ. મેઘા તાજેતરમાં લેવાયેલ એમ.સી.એ.ની પરીક્ષામાં ૬૮% સાથે ઉર્તીણ થયાં.અભિનંદન.



## દીપ વૈષ્ણવ સી.એ. થયા

જામનગર સ્થિત શ્રી જયંત જયકરલાલ વૈષ્ણવ તથા શ્રીમતી ધરા જયંત વૈષ્ણવના પુત્ર દીપ વૈષ્ણવ સી.એ. ફાઈનલ પરીક્ષામાં ઉર્તીણ થઈ ચાર્ટર્ડ એકાઉટન્ટની પદવી મેળવી. અભિનંદન

## કુ. કિન્નરી બી.ઇ. થયાં

રાજકોટ સ્થિત શ્રી અજય વૈષ્ણવ તથા શ્રીમતી દર્શના વૈશ્નવનાં પુત્રી કુ. કિન્નરી (જુનાગઢના સ્વ.અશ્વનીકુમાર વૈષ્નવ અને ગં.સ્વ. હર્ષાબહેનની પૌત્રી તથા શ્રી અરવિંદભાઈ નાણાવટી અને સ્વ. લતાબહેનનાં દોહિત્રી) વી.વી.પી એન્જીનીયરીગ કોલેજમાંથી બી.ઈ. કોમ્પ્યુટરના છેલ્લા સેમેસ્ટરમાં ૮૦% માર્કસ સાથે ઉર્તિણ થયા બાદ વી.વી.પી કોલેજમાં જ લેકચરર તરીકે જોડાયાં. અભિનંદન.

## કચ્છના અધ્યાપકને આંતરરાષ્ટ્રીય ફેલોશિપ

આદિપુરની તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલિટેકનીક ખાતે અંગ્રેજી વિષયના અધ્યાપક તરીકે ફરજ બજાવતા શ્રી મનોજ ભુવનેશ છાયાની યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ (બ્યુરો ઓફ એજયુકેશનલ એન્ડ કલ્ચરલ અફેર્સ) દ્વારા પ્રાયોજીત ફુલબ્રાઈટ ફેલોશિપ માટે પસંદગી કરવામાં આવી છે. ફુલબ્રાઈટ ફોરેન લેંગ્વેજ ટીચીંગ આસિસ્ટન્ટશીપ માટે ચાલુ વર્ષે ભારતમાંથી શ્રી છાયા સહિત કુલ ૧૪ ઉમેદવારો પસંદ કરાયા છે.

અમેરિકન કોંગ્રેસ દ્વારા ૧૯૪૬ની સાલમાં વૈશ્વિક આદાન-પ્રદાનના હેતુસર શરૂ કરાયેલ ફુલબ્રાઈટ કાર્યક્રમ હેઠળ શોધ-સંશોધન,ઉચ્ચ અભ્યાસ તેમજ શૈક્ષણિક પ્રવૃતિઓ માટે વિવિધ ફેલોશિપ અપાય છે. ભારત સહિત કુલ ૧૫૦ દેશો અમેરિકા સાથે આ કાર્યક્રમમાં જોડાયા છે. ભારતમાં આ કાર્યક્રમ ૧૯૫૦ માં અમેરિકા અને ભારત વચ્ચે શૈક્ષણિક આદાન-પ્રદાનના હેતુસર સ્થપાયેલા 'યુનાઈટેક-સ્ટેટસ ઈન્ડિયા એજ્યુકેશન ફાઉન્ડેશન(US,IEF)તેમજ ન્યુયોર્ક સ્થિત ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ટરનેશનલ એજયુકેશન(IEE) દ્વારા સંચાલિત છે. શ્રી મનોજ છાયા અમેરિકાની જાણીતી યુનિવર્સિટી તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ, શિક્ષણ કે સંશોધનની પ્રવૃતિઓમાં ભાગ લેવાની તક મેળવશે.

આ ફેલોશિપના સમયગાળા દરમિયાન શ્રી છાયા પ્રતિષ્ઠિત 'આઈવી-લીગ' પૈકીની યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા ખાતે અધ્યયન-અધ્યાપન કરશે તથા ભારત અને ગુજરાતી ભાષાનું પ્રતિનિધિત્વ કરશે.

## ભાવનગર મિત્ર મંડળ, અમદાવાદ

તાજેતરમાં સ્થાપવામાં આવેલ ઉપરોકત સંસ્થાના ઉપક્રમે તા. ૭ ઓગષ્ટના રોજ એચ. કે. કોલેજના હોલમાં શાસ્ત્રીય, પાશ્ચાત્ય લોકનૃત્ય સાથે ફિલ્મી સંગીત ઉપરાંત પુ. લ. દેશપાંડે લિખીત એકાંકી પ્રહસન 'છકો મકો' સાથેનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાય ગયો. જેમાં ડો. રશ્મિનકાન્તભાઈ મહેતાને રાજ્ય સરકારનો તેમજ શ્રી પ્રણવભાઈ મહેતાને પ્રિયદર્શિની એવોર્ડ એનાયત થતાં મંડળ તરફથી સ્વ. અનુપભાઈ દેસાઈની સ્મૃતિમાં સન્માન કરવામાં આવેલ. અંતમાં મંડળના પ્રમુખશ્રી ધવલભાઈ મહેતાએ આભારદર્શન કર્યુ હતું.

કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી રાજેષભાઈ મહેતા, ભૂષણભાઈ ઓઝા, શ્રી ભગીરથભાઈ ઓઝા તેમજ શ્રીમતી રોનક ઓઝા, સ્તુતિ દેસાઈ, પ્રાચી મહેતા, સ્નેહ દેસાઈ, તથા હારિલ મહેતાએ જહેમત ઉઠાવી હતી.

## મરણોતર સન્માન

રાજકોટનાં વોટસન મ્યુઝિયમનાં પ્રથમ કયુરેટર પદે નિમણુંક મેળવનાર અને કાઠિયાવાડ ગેઝેટીયર બનાવવામાં સૌરાષ્ટ્રનો સંશોધનાત્મક ઈતિહાસ આપી સોરઠના ઈતિહાસને જવલંત બનાવનાર વેદમુર્તિ સ્વ. હરિદત આચાર્યનું તેમજ પિતાશ્રીના આદર્શોને પગલે ચાલી ગુજરાતના ઐતિહાસીક લેખોના ૩ વોલ્યુમ પ્રકાશિત કરનાર મુંબઈના પ્રિન્સેસ મ્યુઝિયમનાં કયુરેટર પદે રહી, આઝાદી બાદ ઈટાવાનાં બૌધ્ધ વિહારની શોધ કરનાર પુરાતત્વવિદ સ્વ. શ્રી ગિરજાશંકર વલ્લભજી આચાર્યનું દિવ્યભાસ્કર દૈનિક ,જુનાગઢ જિલ્લા પોલીસ તથા જુનાગઢ હેરીટેજ કમિટિ દ્વારા મરણોત સન્માન કરવામાં આવ્યું. ઉલ્લેખનીય છે કે ગિરનાર પાસેના અશોક શિલાલેખની લિપિની ગુજરાતીમાં સમજુતી આપનાર એકમાત્ર ગિરિજાશંકર આચાર્ય હતા.

## પરદેશમાં અમ્પાયરીંગ કરી રહેલ કુર્વિત વછરાજાની

વડોદરા ખાતે શાળાકીય શિક્ષણ દરમિયાન 'ઈન્ટર સ્કુલ ક્રિકેટ ટુર્નામેન્ટ'રમનાર શ્રીમતી ઝંખના અને શ્રી અખિલેશ વછરાજાનીના પુત્ર કુર્વિત વછરાજાની અમ્પાયરના અભ્યાસ થકી પોતાનો ક્રિકેટ શોખ જાળવી રહયા છે. જે માટે સિડનીમાં નોકરીની સાથે અમ્પાયર એન્ડ સ્કોરરની પરીક્ષા ઓગષ્ટ ૨૦૧૦માં ૨૪ વર્ષની નાની વયે પાસ કરી ઓસ્ટ્રેલિયામાં ડોમેસ્ટીક લેવલે વનડે, તેમજ ટેસ્ટ મેચમાં અમ્પાયરીંગ કરી રહયા છે. અમ્પાયરીગની સાથે સાથે કેનબેરામાં ટી-૨૦માં સ્થાન મેળવી ક્રિકેટ રમી પણ રહયા છે.

કુર્વિત વછરાજાની ૨૦૦૬માં ગ્રીફીથ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ અર્થે ગોલ્ડ કોસ્ટ-ઓસ્ટ્રેલિયા ગયા. ત્યાં હોસ્પિટાલીટી અને ટુરિઝમમાં ડીસ્ટીંકશન માર્ક સાથે એમબીએ થયા. ત્યારબાદ એકાઉન્ટસમાં આ જ યુનિવર્સિટીમાંથી માસ્ટર ડીગ્રી મેળવી ૨૦૦૮માં SEA WORLD RESORT માં બેસ્ટ એમ્પ્લોઈનો એવોર્ડ મેળવ્યો છે ત્યારબાદ RYDGES HOTEL & RESORT GROUPમાં નોકરી મેળવી સિડની ખાતે "ફાઈનાન્સ કેડેટ" તરીકે બઢતી મેળવી આસિસ્ટન્ટ ફાયનાન્સીયલ કન્ટ્રોલર તરીકે કેનબેરા ખાતે બે હોટલની જવાબદારી સંભાળી રહયા છે.

જીવનના 'બંને ખેલ'માં તટસ્થતા જાળવી પ્રગતિ સાધો તેવી શુભેચ્છા સહ અભિનંદન.

## સી.એ.ની આઈપીસીસીમાં ૨૧મો ક્રમ મેળવતાં કુ. લિપિ વછરાજાની

વડોદરા સ્થિત શ્રીમતી ઝંખના અને શ્રી અખિલેશ વછરાજાનીના પુત્રી કુ. લિપિ વછરાજાની નવેમ્બર ૨૦૧૦માં લેવાયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની આઈ પી સી સીની પરીક્ષામાં ટેકસેશન વિષયમાં સૌથી વધુ માર્કસ મેળવી ભારતમાં મેરીટમાં ૨૧મો રેંક મેળવી ઉત્તીર્ણ થયાં. અત્યાર સુધીના આઈ. સી. એ. આઈ દ્વારા લેવાતી આઈપીસીસીની પરીક્ષામાં ૧૦૦માંથી ૯૪ સર્વોચ્ચ ગુણ મેળવવા બદલ મુખ્યમંત્રીશ્રીના હસ્તે અમદાવાદ ખાતે તેણીને સન્માનપત્ર એનાયત થયું. હાલમાં તેઓ ડીલોઈટમાં આર્ટીકલશીપ કરી રહયાં છે.

૨૦ મે ૨૦૧૧ના રોજ દિલ્હી ખાતે આંતરરાષ્ટ્રીય સી. એ. કોન્ફરન્સમાં વડોદરા ડીલોઈટ તરફથી લિપિ પેપર પ્રેઝન્ટેશન માટે પસંદ થતાં ઈ.આર.પી. -એસ.એ.પી વિષયમાં પેપર રજૂ કરી બેસ્ટ પેપરનો એવોર્ડ મેળવેલ છે. થાઈલેન્ડ ડીલોઈટનાં પ્રેસીડન્ટે પેપર પ્રેઝન્ટેશનથી પ્રભાવિત થઈ સીએનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ જોબલેટરની ઓફર કરેલ છે. અત્રે નોંધ લેવી ઘટે કે કુ. લિપિએ એમ.એસ. યુનિવર્સિટી દ્વારા ૨૦૧૧ માર્ચમાં ટી.વાય.બી.કોમની પરીક્ષામાં ડીસ્ટીંકશન સાથે યુનિવર્સિટીમાં ચોથા ક્રમાંક સાથે અને બિઝનેસ લોમાં યુનિવર્સિટીમાં સર્વોચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થઈ પોતાની તેજસ્વીતા પૂરવાર કરી છે.

બેન લિપિને તેમની પ્રગતિ અને પ્રાપ્તિ માટે શુભેચ્છા સહ અભિનંદન.

## કુ. કોમલ વૈશ્નવને લાયનેસ કલબનો એવોર્ડ



લાયનેસ કલબ દ્વારા તારીખ ૩૧-૭-૨૦૧૧ના રોજ હેમુ ગઢવી હોલ ખાતે યોજાયેલ એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં કુ. કોમલ મનહરભાઈ વૈષ્ણવને સૌરાષ્ટ્ર-કચ્છની સમગ્ર લાયનેસ કલબ માંથી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનો બેસ્ટ સેક્રેટરી ઓફ લાયનેસનો એવોર્ડ તેમજ લાયન્સ મલ્ટીપલ માંથી ઉત્તમ કામગીરી બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં. અભિનંદન.

# ▼▲▼▲ સમાચાર સંચય ▼▲▼▲

❋ **જામનગર :** શ્રી મંડળની જૂલાઈ માસની મીટીંગમાં શીઘ્ર વકૃત્વ સ્પર્ધા તેમજ બાળગીત હરીફાઈ રાખવામાં આવી હતી.

❋ ડીલાઈટ કલબ ઓફ જામનગર દ્વારા યોજાયેલ લાઇવ રસોઈ શોનું સંચાનલ શ્રીમતી સોનલ મનોજ નાણાવટીએ સંભાળ્યું હતું.

❋ શ્રીમતી સોનલ મનોજ નાણાવટીએ એલ. જી. માઈક્રોવેવ દ્વારા યોજાયેલ 'મલ્લિકાએ કીચન' કુકીંગ સ્પર્ધામાં 'ટોપ-૧૦'માં ચોથું સ્થાન મેળવ્યું. જેમાં ૧૫૦ સ્પર્ધકો હતા.

❋ અત્રેના શ્રી રક્ષેશ ભાલચંદ્ર મજમુદાર તથા શ્રીમતી મીના રક્ષેશ મજમુદાર ૧૮ દિવસના યુરોપના પ્રવાસે જઈ આવ્યા.આ પ્રવાસ દરમ્યાન રોમ, ઈટાલી,જર્મની,હોલેન્ડ,પેરીસ,સ્વીત્ઝરલેન્ડ જેવા ઘણા દેશના અનેક સ્થળોની મુલાકાત લીધી.

❋ શ્રીમતી જિજ્ઞાસાબેન છાયા ત્થા શ્રી પુષ્પેન્દ્રભાઈ છાંયાના પુત્ર અર્પિત આઈ.ટી. એન્જી. ૭૪% સાથે ઉત્તીર્ણ થયા.

❋ પર્વ હિરેન વસાવડા માત્ર ૬ વર્ષની બાળવયે તબલાની બીજા વર્ષની પરીક્ષામાં સફળતા મેળવી.

❋ મુળ ભુજનાં જામનગર સ્થિત શ્રી ભરતભાઈ છાંયા જીંદગી પ્રત્યેના હકારાત્મક અભિગમ થકી ૭૮ વર્ષ ની જૈફ વયે યુરોપની ૧૭ દિવસની ટૂર કરી આવ્યા.

❋ કુ. ખુશી જતીન દેસાઈ (ઉ.વર્ષ ૧૨) થિયેટર પીપલ નાટય સંસ્થા પ્રયોજિત અભિનય શિબિરમાં ભાગ લઈ ૩૦૦૦ પ્રેક્ષકોની હાજરીમાં આત્મવિશ્વાસ સાથે નાટય પ્રયોગ રજુ કર્યો.

❋ **વડોદરા :** નિર્જય દુષ્યન્ત અંતાણી ટાટા ગૃપની જીંજર હોટલમાં આસિસ્ટન્ટ હોટેલ મેનેજર તરીકે ભુવનેશ્વરથી લુધિયાણા બદલાયા.

❋ અ.ભા.ના.પરિષદ તથા સમસ્ત નાગર મંડળ(પશ્ચિમ)ના ઉપક્રમે સારાભાઈ ફાઉન્ડેશન ખાતે તા. ૨૮/૮ના રોજ મેડીકલ ચેકઅપ કેમ્પ યોજવામાં આવનાર છે. રજી. ફી રૂા. ૧૦ રાખવામાં આવેલ છે. જેમાં જ્ઞાતિના તબીબો ડો. તુષાર માંકડ, ડો. ખ્યાતિ માંકડ, ડો. પરાગ માંકડ, ડો. આભા રાણા, ડો. રાજેન્દ્ર હાથી, ડો. લેખા હાથી, ડો. ઝલક વસાવડા, ડો. તૃપ્તિ છાયાએ પોતાની અમૂલ્ય સેવાઓ આપશે.

❋ રાજેષભાઈ સીતારામભાઈ ખારોડ સપરિવાર યુરોપના પ્રવાસે જઈ આવ્યા.

❋ તપન હેમંતભાઈ વોરા ઇન્ફોસીસ કંપની તરફથી સીંગાપોર, જર્મની જઈ આવ્યા.

❋ હેમંતભાઈ વોરા અને શ્રીમતી ધ્રુવાંગિનીબેન વોરા પરિવાર કોર્બેટ પાર્ક, નૈનિતાલના પ્રવાસે જઈ આવ્યા.

❋ દીપકભાઈ બુચ,શ્રીમતી દિપ્તી બુચ, કુ. નિશીતા મહેતા કૂલુમનાલી, સૂવર્ણમંદિર, વાઘાબોર્ડર જઈ આવ્યાં.

❋ મુળ ભુજનાં શ્રીમતી નિશા ઉદય વછરાજાનીએ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર ઉપરથી ' ચાલો વસંતને વધાવીએ' વિષય ઉપર વાર્તાલાપ રજુ કર્યો. જેમાં વૃક્ષનું વાવેતર, ઉછેર,અને જતન તેમજ પર્યાવરણ વિષય ઉપર વાતો કરી .

❋ લુર્ગી ઈન્ડિયા કંપનીમાં હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ તરીકે કાર્યરત શ્રી હેમાંગ અંતાણી કંપનીનાં કાર્યાથે સાઉદ અરેબિયા તથા જર્મની જઈ આવ્યા.

❋ આકાશવાણી અમદાવાદ વડોદરાથી પ્રસારિત થતા અમૃતધારા કાર્યક્રમમાં શ્રીમતી જ્ઞાનેશ્વરીબેન બુચના લઘુવાર્તાલાપો 'ઈશતત્વમ' દિવ્યજીવન સંસ્કૃતિ અને 'ગૃહસ્થાશ્રમ ' પ્રસારિત થયાં.

❁ લાલ બાગ હાટકેશ મંડળ આયોજીત બહેનો માટેની વાનગી સ્પર્ધામાં શ્રીમતી જ્ઞાનેશ્વરીબેન બુચે નિર્ણાયક તરીકે સેવા આપી.

❁ મિહિર મંગળપ્રસાદ બુચ એલ એન્ડ ટી માં આસી. જનરલ મેનેજર તરીકે ચેન્નાઈથી વડોદરા બદલાયા.

❁ **અમદાવાદ :** તાજેતરમાં એલ.જી. કંપની દ્વારા આયોજીત'મલ્લિકા એ કીચન'ની માઈક્રોવેવ કુકીંગ કોન્ટેસ્ટમાં જાણીતા ડાયેટિશ્યન શ્રીમતી પૂર્વી વિસ્મીત જોષીપુરાએ નિર્ણાયક તરીકે સેવા આપી.

❁ શ્રી ક.સૈ.વાના મંડળ અમદાવાદ તરફથી આપવામાં આવતી શિષ્યવૃતિનાં ફોર્મ સ્વીકારવાની તારીખ ૧૫-૯-૨૦૧૧ સુધી લંબાવવમાં આવેલ છે.( પારિતોષિક માટે નહીં)જેની નોંધ લેશો.

❁ શ્રીમતી અર્પણા ભદ્રેશ દેસાઈ ચારધામની યાત્રા કરી આવ્યા.

❁ **રાજકોટ :** શ્રી સનતકુમાર યુ. ઝાલાના નિવાસસ્થાન (જયોત,ચંદનપાર્ક શેરી નં ૪, સરકારી કર્મચારી સોસા .પાસે, રૈયા રોડ) ખાતે તા. ૨૮-૯ થી ૫-૧૦-૨૦૧૧ દરમ્યાન નવરાત્રી સ્થાપન કરવામાં આવનાર છે. સવારની આરતીનો સમય ૭:૪૫ સાંજનો ૬:૪૫ રહેશે. તા. ૪-૧૦ના હવનાષ્ટમીના રોજ બીડું સવારે ૯:૩૦ કલાકે હોમાશે. સૌને લાભ લેવા આમંત્રણ છે.

❁ પાટોત્સવ સમિતિ અને જ્ઞાતિના સહકારથી તા. ૨૮-૯-૨૦૧૧ થી ૫-૧૦-૨૦૧૧ દરમ્યાન હોબી સેન્ટર ખાતે સમૂહ નવરાત્રી સ્થાપનનું આયોજન કરવામાં આવેલ છે. દૈનિક આરતી,હવનમાં ભાગ લેવા તથા વધુ વિગત માટે શ્રી કૌશિકભાઈ પોટા (૨૪૫૯૫૩૦)શ્રી મનહરભાઈ વૈષ્ણવ (૯૮૨૫૨ ૮૦૧૪૭) શ્રી વિભાકરભાઈ અંજારિયા(૨૫૮૨૧૯૮) તથા શ્રી ચેતન છાયા(૯૪૨૭૨૦૦૦૫૯)નો સંપર્ક કરવા વિનંતી. ( દૈનિક કાર્યક્રમો, સમય માટેની વિસ્તૃત પત્રિકા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે કાર્યકરો પાસેથી મળી શકશે.)

❁ કુ. પારૂલ જસ્મીનભાઈ દેસાઈએ લાયનેસ કલબ રાજકોટના ૨૦૧૦-૨૦૧૧ના વર્ષ દરમ્યાન તેમનાં નેતૃત્વ હેઠળ બ્લડ ડોનેશન,આઈ ચેક અપ,સર્વરોગ નિદાન, ડેન્ટલ જેવા અનેક વિધ કેમ્પ યોજી અનેકવિધ સ્પર્ધાઓ, સેવાકીય પ્રવૃતિઓ પ્રયોજવા બદલ ડીસ્ટ્રીકટ ૩૨૩ -જે માં લાયનેસ કલબનો એવોર્ડ તથા એપ્રીસીએશન સર્ટીફિકેટ મેળવ્યાં. તેમજ આ પ્રવૃતિઓ અને અનુભવના ફલસ્વરૂપે ૨૦૧૧ -૨૦૧૨ માટે લાયનેસ એડવાઈઝરી મેમ્બર તરીકે નિમણુંક મેળવી.

❁ તાજેતરમાં જ લાયનેસ કલબ રાજકોટ મેઈન દ્વારા આયોજીત મહેદી હરિફાઈમાં કુ. કોમલ મનહરભાઈ વૈષ્ણવે જ્યારે કુ. પારૂલ દેસાઈએ રાખડી હરિફાઈમાં નિર્ણાયક તરીકે સેવા આપેલ.

❁ કેવલ જગદીશચંદ્ર વસાવડાએ ''કેટ''ની પરીક્ષામાં ઉર્તીણ થઈ આઈઆઈએમ લખનૌ ખાતે પ્રવેશ મેળવ્યો.

❁ અત્રેના શ્રી પૂરણભાઈ યુ. વસાવડાનું ૧૯૮૧ પહેલા જનસંઘ અને ત્યારબાદ ભાજપમાં સક્રીય રહી નિઃસ્વાર્થ ભાવે સેવા આપવા બદલ સાંસદ શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું.

❁ સચિન પ્રદ્યુમ્ન હાથીએ પૂજારા ટેલીકોમ કંપનીમાં આર એન્ડ ડી મેનેજર તરીકે બઢતી મેળવી. તેમજ ૨૦૧૧નો ટેકનોલોજી સ્પેશ્યાલિસ્ટ તરીકેનો એવોર્ડ મેળવ્યો.

❁ અ.ભા. ગાંધર્વ વિધાલય દ્વારા લેવાયેલ કથ્થક નૃત્ય શૈલીમાં કુ. વિધિ ધીમંતભાઈ નાણાવટી તથા તબલાવાદનમાં કુશલ ધીમંતભાઈ નાણાવટી પ્રથમ વર્ગમાં ઉતીર્ણ થયા.

❁ અત્રેના શ્રી બિપિનભાઈ ઓઝા બી.એસ.એન.એલ માં ૩૭ વર્ષની નિષ્ઠાવાન ફરજ બજાવી નિવૃત થતાં ભવ્ય વિદાયમાન આપવામાં આવ્યું.

❋ શ્રી દિનેશભાઈ અજીતરાય છાયા ઈન્કમટેક્ષ ઓફિસમાં ૪૦ વર્ષને ૬માસની દીર્ઘકાલિન, નિષ્ઠાપૂર્ણ ફરજ બજાવી આયકર અધિકારી તરીકે ૩૧-૭-૧૧ના રોજ નિવૃત થયા. અનેક શહેરોમાં ફરજ બજાવનાર દિનેશભાઈએ જ્ઞાતિજનોના ઈન્કમટેક્ષના કોઈપણ કામ માટે હંમેશા તત્પરતા સાથે સહાયભૂત થઈ અણીવશુધ્ધ જ્ઞાતિભાવનાનું ઉદાહરણ પુરૂં પાડેલ છે.

❋ શ્રીમતી નિરાલી તેજસ માંકડ(શ્રી દિનેશભાઈ ત્થા યામિનીબેન છાયાનાં પુત્રી) રીલાયન્સ મ્યુચ્યુઅલ ફંડમાં આસી. મેનેજરમાથી ડે. મેનેજર તરીકે બઢતી મેળવી.

❋ 'સબ'ટીવી ઉપરથી પ્રસારિત 'હેપી વાઈફ કલબ'માં અત્રેનાં શ્રીમતી મમતા ઢેબર, શ્રીમતી જાન્હવી વત્સરાજ તથા ગીરા બુચે કાર્યક્રમ રજૂ કર્યો.

❋ તાજેતરમાં શ્રી સુખવંતરાય ગુણવંતરાય ઝાલા (નિવૃત ચીફ મેનેજર બેક ઓફ ઈન્ડિયા) ની પ્રેરણા અને માર્ગદર્શનથી ઝાલા પરિવારના દિવંગતોની સ્મૃતિમાં 'એમ્બ્યુલન્સ વાન'ની સેવા શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં કોઈપણ સ્થળે જ્ઞાતિના દર્દીને લાવવા લઈ જવા વિનામુલ્યે સેવા ઉપલબ્ધ થશે. આ ખર્ચ નવજીવન સેવા ટ્રસ્ટ ભોગવશે. જ્ઞાતિજનોએ આ સેવા મેળવવા સર્વશ્રી કમલેશ ઝાલા (પ્રમુખ ) મો. ૯૪૨૯૫૭૭૨૩૬, ડો. યજ્ઞેશ આર. બક્ષી મો. ૯૮૨૫૪૨૪૬૭૩, વિપુલ પોટા મો. ૯૮૭૯૪૧૭૪૨૩ નો સંપર્ક કરવા વિનંતી.

❋ તુલન ઉત્કલ વૈષ્ણવ એલ.જી. ધોળકિયા સ્કૂલમાં ગુરૂપૂર્ણિમા નિમિતે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં 'પ્રાચીન અને આધુનિક શિક્ષણ વ્યવસ્થા' વિષય ઉપર વકતવ્ય આપી પ્રથમ વિજેતા થયા.

❋ અત્રેના દીર્ઘાયુ શૈલેષ બુચે ડો. રેડ્ડી ફાર્મા. કંપનીમા ડે. મેનેજર તરીકે બઢતી મેળવી.

❋ **ગાંધીનગર :** ગુજરાત તકેદારી આયોગ ખાતે ઉપસચિવ તરીકે સેવા આપતા શ્રી શશાંક અજીતરાય જોષીપુરા નર્મદા વિભાગમાં નાયબ સચિવ પદે બઢતીથી નિમાયા.

❋ **ભાવનગર :** શ્રી હાટકેશ મિત્રમંડળ ભાવનગરનાં ઉપક્રમે તા. ૬-૮ ના રોજ શિવશકિત હોલ ખાતે જ્ઞાતિની તેજસ્વી પ્રતિભાઓ સન્માનવા સાથે વિદ્યાર્થીઓને શૈક્ષણિક ઈનામ વિતરણનો કાર્યક્રમ તા. ૬/૮ ના રોજ શ્રી બંકિમરાય વિજયરાય વૈદ્ય તથા શ્રી કિરણભાઈ સ. ઓઝાના પ્રમુખસ્થાને યોજાઈ ગયો જેમાં પ્રિયદર્શિની એવોર્ડ મેળવવા બદલ શ્રી પ્રણવભાઈ મહેતા તથા શ્રી બ્રિગેડીયર શ્રી બંકિભાઈ પારધિને સન્માનિત કરવામાં આવ્યા હતા.

❋ **સિહોર :** ગુરૂપુર્ણિમાના રોજ સ્વ. ડો. જનુભાઈ દેસાઈની સ્મૃતિમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવતાં તેમાં ૯૫ બોટલ રકત એકત્રીત કરવામાં આવેલ.

❋ **જુનાગઢ :** કુ. તિથિ અજય છાયાએ GCET માં ૪૨૪ મો રેન્ક મેળવી NR Inst. of BM અમદાવાદ ખાતે એમ બી એ માં પ્રવેશ મેળવ્યો.

❋ આકાશ અજય છાયાએ પર્વતારોહણની તાલીમ 'બી ગ્રેડ' સાથે પસાર કરી.

❋ નિશાંત અરવિંદરાય માંકડે અલ્ટ્રાટેક સિમેન્ટ કાું. માં મેનેજર (પરચેઈઝ) તરીકે બઢતી મેળવી.

❋ શ્રી પંકજભાઈ નાણાવટી સપરિવાર સિમલા થઈ ભીમાકલી માતાજીની યાત્રા-પ્રવાસે જઈ આવ્યા.જ્યાં રહેવા જમવા માટેની પણ સુંદર વ્યવસ્થા છે. જે સ્થાન ચીન વિસ્તારથી ૨૦૦ કી.મી.ના અંતરે આવેલ છે. વધુ માહિતી માટે સંપર્ક કરશો...૦૨૮૫-૨૬૫૬૩૯૫

❋ તાજેતરમાં યોજાય ગયેલ ગુજરાત સરકારના યુવક મહોત્સવમાં સમૂહ નૃત્યમાં કુ. અંજલી સુધીર માંકડના ગ્રુપે રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું.

❋ જુનાગઢ વડનગરા નાગરી પરિવાર દ્વારા જ્ઞાતિજનોના શુભ પ્રસંગોમા કલેરોનેટ વાદક તરીકે જતા હાસમભાઈનું સન્માન કરવામા આવ્યું.ત્યારબાદ તેમનો ર કલાકનો શાસ્ત્રીય રાગ રાગિણી સભર ગીતોની

રજુઆતનો કાર્યક્રમ પણ યોજાયો હતો.અંતમાં અલ્પાહાર બાદ સૌ વિખરાયેલ.

❁ રોશન ભવજીભાઈ વસાવડા રાજકોટ ખાતે એચડીએફસી બેંકમાં ડેપ્યુટી મેનેજર તરીકે નિમાયા.

❁ અત્રેનાં ચિ. ક્ષિતી દિવ્યાંશુ વૈષ્ણવે શ્રીમતી આર. એચ. કાલરિયા સ્કૂલમાં (ધો. ૩) યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં 'મને શિક્ષિક થવું ગમે' વિષય ઉપર વકતવ્ય આપી દ્વિતીય સ્થાન મેળવ્યું.

❁ શ્રી દિવ્યાશું ચિતરંજનભાઈ વૈષ્ણવ(ડી.સી.) (બરછી પ્રતિનિધિ) ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ જૂનાગઢ થી ડેપ્યુટી રજીસ્ટ્રાર તરીકે બઢતી સાથે વેરાવળ કોર્ટમાં બદલાયા.અભિનંદન.

❁ જટાયુ હર્ષિતભાઈ બક્ષી ડીડી યુનિ. નડીયાદ ખાતે કોમ્પ્યુટર એન્જી.માં આસી. પ્રોફેસર તરીકે જોડાયા.

❁ **વેરાવળ :** આદિત્ય બિરલા રેયોન કાું.માં અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી મનીષ ઝાલાએ ડબલ પ્રમોશન સાથે મેનેજર તરીકે બઢતી મેળવી.

❁ **પૂના :** માતૃભૂમિ ફાઉન્ડેશન,યુનિટી ઓર્ગે. આયોજીત મહારાષ્ટ્ર સ્ટેટ લેવલની ડાન્સ કોમ્પીટીશનમાં કુ. કોષા તેજસ વૈશ્નવે 'એકસલન્સ ડાન્સ અવોર્ડ' મેળવી પ્રથમ વિજેતા જાહેર થયાં.

❁ **મુંબઈ :** સ્થિત પ્રદીપભાઈ પ્રવીણભાઈ વૈશ્નવના નિવાસસ્થાન (મોડેલ ટાઉનશીપ સોસા.૬ઠો માળ, પ્લોટ નં. ૪/૯, ૭-ગુલમ્હોર ક્રોસ રોડ, જેવીપીડી સ્કીમ, પાર્લા (વેસ્ટ) મુંબઈ)ખાતે તા. ૨૮/૯થી નવરાત્રિ ઘટસ્થાપન કરવામાં આવશે. દર્શન આરતીનો સૌને લાભ લેવા આમંત્રણ છે.

❁ 'સબ' ટીવી દ્વારા પ્રસારિત "હેપી હાઉસ વાઈફ કલબ" કાર્યક્રમમાં મલાડ કાર્દીવલીના હાટકેશ સખી વૃંદ સંચાલિત સ્વસ્તિક ગૃપના બહેનો, શ્રીમતી નીતાબેન હાથી, શ્રીમતી મોનીકાબેન હાથી, શ્રીમતી રેખાબેન અવાશિયા, શ્રીમતી દીપાલી બુચ, શ્રીમતી વત્સલા માંકડ,શ્રીમતી મૃગાક્ષી માંકડ તથા શ્રીમતી મૈત્રી બુચે વિવિધતા સભર કાર્યક્રમ આપ્યો.

❁ **અંકલેશ્વર :** પર્યાવરણ દિનના ઉપલક્ષ્યમાં લુપીન ફાર્મા. કંપની દ્વારા યોજાયેલ 'પર્યાવરણ બચાવો' વિષય પરની શાળાકીય વકૃત્વ સ્પર્ધામાં અક્ષત દિગંત છાયા (ધો.૫) તૃતીય વિજેતા થયા.

❁ **મહેસાણા :** કુ. મુદ્રા અમિતભાઈ મહેતા બીએચએમએસમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ મહેસાણા હોસ્પિટલમાં ઈન્ટર્નશીપ માટે જોડાયાં.

❁ **ભુજ :** અત્રેના સર્વશ્રી દિવાકર વોરા તથા શ્રીમતી જ્યોતિકાબેન વોરા તેમજ શ્રી કૈવલ્ય ધોળકિયા તથા શ્રીમતી સુનીતા ધોળકિયા પેરિસ,સ્વીત્ઝરલેન્ડ, ઈટાવા,યુ.કે. ના પ્રવાસે જઈ આવ્યા.

❁ **આણંદ :** જામનગરના શ્રી સોહમ પ્રકાશ ધોળકિયા અત્રેની રોટરી કલબમાં સૌથી નાની વયના પ્રમુખ તરીકે ચુંટાય આવ્યા. (આ અંકના સંકલિત સુવાકયો : શ્રી મધુકર માંકડ, જામનગર)

## અનંતના યાત્રીઓ :

- જીજ્ઞાસુ ઉમેશચંદ્ર બુચ (માર્કેટીંગ મેનેજર એલ.આઈ.સી.)નું ૫૫ વર્ષની વયે અમદાવાદ ખાતે. - ડો. અંશુમનભાઈ દ્વિજેનપ્રસાદ ધોળકિયાનું અમદાવાદ ખાતે. - જુનાગઢના શ્રી ભાસ્કરભાઈ નાણાવટીનું મુંબઈ ખાતે. - ગં.સ્વ. ડો. વર્ષાબેન અંજારિયા (એમ.એસ. યુનિ.ના એમએસડબલ્યુ ફેકલ્ટીના પુર્વ ડીન)નું અમદાવાદ ખાતે. - અ.સૌ. કાદમ્બરીબેન પુષ્કરરાય ધોળકિયા ઉ.વર્ષ ૬૭ ભુજ ખાતે - કલ્પનાબેન હરભાઈ વૈદ્ય ઉ.વર્ષ ૬૧નું ભુજ ખાતે- હંસાબેન નરેશભાઈ ધોળકિયા ઉ. વર્ષ ૬૮ ભુજ ખાતે - બાલકૃષ્ણ(બાળકભાઈ)લક્ષ્મીકાન્ત મજમુદારનું ૯૨ વર્ષે રાજકોટ ખાતે - હેમલતાબેન જમીયતરાય રાણા ૭૫ વર્ષ રાજકોટ ખાતે - શ્રીમતી હરવિદ્યાબેન વિષ્ણુપ્રસાદ નાણાવટી ૮૯ વર્ષ રાજકોટ ખાતે. - પ્રહલાદરાય ગુણવંતરાય માંકડ ૯૨ વર્ષ રાજકોટ ખાતે - શ્રીમતી દામિનીબેન મધુસુદનભાઈ વૈષ્ણવ સાંઘાઈ ચીન ખાતે - શૈલેષભાઈ રમણકાન્ત દેસાઈનું ભાવનગર ખાતે.

સગાઈ ભંગ-છૂટાછેડા અંગે જ્યોતિષી મંતવ્ય....

# - કાળચક્ર અને જયોતિષ -

**શ્રી યોગેશભાઈ માંકડ,જયોતિષ વિશારદ, મો. ૯૩૭૪૦૩૦૧૧૧**

"સમય સમય બલવાન હે,નહી મનુષ્ય બલવાન
કાબે અર્જુન લૂંટયો,વહી ધનુષ્ય વહી બાણ"

કાળ સમયનું એક અંગ છે.મહાન જયોતિષી મિહિર આચાર્યે લખે છે કાળનો ઉપદેશ ભગવાન શંકરે પાર્વતીજીને આપ્યો છે. કાળ પ્રમાણે શુભ સમયે કરેલ કાર્યનું પરિણામ શુભ અને અશુભ સમયે કરેલ કાર્યનું પરિણામ અશુભ આવે છે. આકાશ પાતળ એક થાય પણ મારા વચનમાં મીનમેખ ન થાય. કાળચક્રનો ઉપયોગ કરતી વખતે ગ્રહ નક્ષત્ર યોગ ચોઘડિયાં દિશાશુળ જોવાની જરૂરિયાત જોવાની રહેતી નથી.મુહૂર્ત જયોતિષનું અંગ છે અને આજે જયારે આપણી જ્ઞાતિમાં છુટાછેડા, સગપણ તુટવાના બનાવો વધતા જાય છે ત્યારે નાગર જ્ઞાતિનું ગૌરવ, સહનશીલતા અને ધૈર્યની કુટુંબની શાખ,સ્વાભિમાન, નાગરત્વ,ભુલી જવાય છે એવું જણાય છે. મારો મુખ્ય પ્રશ્ન તો મુર્હુત અને કાળ જ્ઞાન અંગેનો છે. આપણે સમયને સાચવશું તો સમય આપણને સાચવશે. મુહૂર્ત જોવા છતાં મુહૂર્ત પ્રમાણે વર્તતા નથી પરિણામે લગ્ન તુટે છે. લગ્નના વરઘોડામાં નાચગાનમાં સમય વેડફી હસ્તમેળાપ મોડો કરીએ છીએ. આપણે જ લગ્ન તુટવાનો પાયો નાંખીએ છીએ તેમ કહીએ તો ખોટું નથી જ. સપ્તપદીના ફેરાની પ્રતિજ્ઞા આજની પેઢી ભુલી જાય છે.

આ ઉપદેશનો અનાદર કરીને પંચાગ તો રાહુ કાળમાં પણ મુહૂર્ત આપે છે. મુહૂર્તના આગ્રહી મારા વડીલ કાકા સ્વ. પ્રદ્યુમ્નરાય વૈષ્ણવ કલર કામ દરમિયાન નીચેથી ઉપર રહેઠાણ બદલવા માટે પોતે એકલા આ જ સુધી નીચે બેસી રહયા તે મને યાદ છે. પંચાગ કરતા જયોતિષીની સલાહ મુજબ નિષ્ફળતા મળે ત્યારે ભારતીય અંક શાસ્ત્ર મુજબ સમય,સ્થળ ,અંકોથી શુભ હોય છે. કાળના કુલ વિભાગ છે. તેમાં રાહુ કાળસૌથી વધુ અશુભ છે. ઘડી પળ સાથે સૂર્યોદયથી શરૂ થતું મહાન ગણિત છે. તે સામાન્ય વ્યકિતના ઉપયોગ માટે છે. તેના કલાક મિનિટમાં કાળચક્ર પ્રમાણે શુભ અશુભ સમય આપ્યો છે. તે એટલા જ સચોટ છે.

આ કાળચક્રનો ઉપયોગ વિશ્વના કોઈપણ સ્થળે તે દેશના સ્ટા.ટાઈમ પ્રમાણે કરી શકાય છે. મકાન, જમીન, વાસ્તુ,જાનપ્રસ્થાન, યાત્રાપ્રવાસ,વેપાર ધંધાની શરૂઆત,વેવિશાળ, ચાંદલા, હસ્તમેળાપ, વગેરે શુભ કાર્યની શરૂઆત આ સમયમાં કરવાથી શુભ પરિણામ મળે છે.


ચાર્ટ મુજબ જોઈએ તો મંગળ દોષ,રાશિગુણાંક જોઈ પરણતા યુગલોના જયારે છુટાછેડા થાય ત્યારે અંક શાસ્ત્ર મુજબ પતિપત્નીના અંકો દુશ્મન હોય છે. આજના વિષમ જમાનામાં મંગળ ઉગ્ર હોતા શનિ ઠંડો ગ્રહ એકલો શું કરે? પણ જયોતિષીએ પણ વૈજ્ઞાનિક અભિગમ અપનાવી મંગળ સામે મંગળના અને શનિ સામે શનિના અંકો વાંચી વ્યકિત, મનમેળ, કુટુંબસ્થાન,લગ્નસ્થાન જોવા પડે. લગ્નમેળાપકના સંબંધ રાશિ ગુંણાંક સાથે નથી.પતિ- પત્નીના અંકો મિત્ર હોય તો લાગણી રહે છે. પણ જો દુશ્મન હોય તો વિચારભેદ ને કારણે લગ્નજીવન બગડે છે. સ્થળ સંકોચ ને કારણે અંકશાસ્ત્રની વિશદ ચર્ચા કરતાં નથી પણ ટૂંકમાં કહીએ તો અશુભ સમયના અશુભ અંકો લગ્નજીવનને ખંડિત કરે છે.

મંગળપ્રધાન અંકો વાળી વ્યકિત ('ઓ' અથવા 'બી' ગૃપના ) લોહીવાળી વ્યકિતએ આ જ

પ્રકારના ગૃપવાળી વ્યકિત સાથે લગ્ન કરવા જોઈએ. શનિપ્રધાન અંકોવાળી વ્યકિત ('એ' અથવા 'એ બી' ગૃપ) વાળી વ્યકિત સાથે લગ્ન કરવા જોઈએ. આપણે બ્લડગૃપની અગત્યતા સમજતા જ નથી. બુધવાર તથા શનિવારના રોજ કોઈપણ શુભ કાર્ય કરવું ન જોઈએ .આપણા રાજકીય ક્ષેત્રમાં પણ જે અશુભ બનાવો બને છે તેની શરૂઆત બુધવાર તથા શનિવારના અશુભ સમયમાં જ થઈ હોય છે. કાળ ચક્ર પ્રમાણે સાંજના અશુભ સમય ચાલતો હોય છે ત્યારે આપણે ચોઘડિયા પ્રમાણે મુહૂર્ત આપીએ છીએ.

ગાયના ધણની ધૂળ વરવધૂને ઉડે અને કલ્યાણ થાય તે જુના વખતમાં શકય બનતું હશે અત્યારે તો રીક્ષા-ખટારાની ધૂળ ઉડે છે. જયોતિષીના જુના ગ્રંથોમાં ચોઘડિયાનો ઉલ્લેખ નથી. હોરા પ્રમાણે વાર અને સમય પ્રમાણે કાળ સમયના બે અંગો છે. આ ઉપરાંત વર્ષ,મહિનો, દિવસ ,સ્થળના અંકો પણ જોવા જોઈએ, તો જ આપણું કામ શુભ બને.




⬅ આ સાથે સૌની જાણકારી માટે સવાર તથા રાત્રિનો શુભાશુભ સમય દર્શાવતું કાળચક્ર આપેલ છે.

## સગપણ - સગાઈ : ---------------------------------------------

⌗ ભાવનગર સ્થિત ભદ્રશીલ પ્રિયવદન મજમુદારના પુત્ર પિનાકનું સગપણ જામનગર સ્થિત ગીરીશભાઈ વોરાનાં પુત્રી બિંદી સાથે.

⌗ જામનગર સ્થિત પરંજય યોગેશભાઈ રીંડાણીનું સગપણ પોરબંદર સ્થિત નિકુંજભાઈ વૈદ્યનાં પુત્રી શ્રધ્ધા સાથે.

જુનાગઢ સ્થિત દેવાંગભાઈ નવનીતચંદ્ર નાણાવટીનાં પુત્રી મેઘાનું સગપણ મહેસાણા સ્થિત નિખિલભાઈ ગીરીશચંદ્ર છાયાના પુત્ર કેયુર સાથે.

⌗ અમદાવાદ સ્થિત કુ. દીપલ ધીરેન્દ્રભાઈ ધોળકિયાનું સગપણ અમદાવાદ સ્થિત શ્રીધર મયુરભાઈ દેસાઈ સાથે.

⌗ પોરબંદર સ્થિત ધારણા રાજેન્દ્ર ઓઝાનું સગપણ અમદાવાદ સ્થિત આલોક ઉમેશભાઈ વસાવડા સાથે.

⌗ વલ્લભવિદ્યાનગર (હાલ મસ્કત) સ્થિત ભવિનભાઈ ડી. મહેતાની પુત્રી કુ. ઝલકનું સગપણ ભાવનગર નિવાસી જાગૃતભાઈ જે. દેસાઈના પુત્ર ચિ. પ્રિયંક સાથે.

⌗ ભાવનગર સ્થિત હર્ષેન્દુભાઈ ભાસ્કરરાય દેસાઈના પુત્રી દિશાનું સગપણ વડોદરા સ્થિત શ્રી કૃપાદેવ યાજ્ઞિક(ઈ ટી વી પરથી પ્રસારિત શ્રેણી 'નરસિંહ મહેતા'માં વડનગરનાં મદનમહેતાનું પાત્ર ભજવનાર) ના પુત્ર નિસર્ગ યાજ્ઞિક સાથે.

⌗ **શુભ લગ્ન :** જવિન હિમાંશુભાઈ ધોળકિયાના લગ્ન રાજકોટનાં દીર્ઘા અતુલભાઈ દેસાઈ સાથે.

## પરીક્ષાના પરિણામ----------

**સી.એ. ફાઈનલ**

વિતેશ શિરીષચંદ્ર નાણાવટી પ્રથમવર્ગ અમદાવાદ
ભૂષિત ભાવિન વસાવડા ઈન્ટર સી.એ. રાજકોટ

**બી.કોમઃ-**

કરિશ્મા ચેતન ઓઝા પ્રથમ વર્ગ મુંબઈ
જલશ્રી દિવ્યાંગ કચ્છી પ્રથમવર્ગ મુંબઈ,
આયુષી રાજુલ દેસાઈ પ્રથમવર્ગ મુંબઈ.
કુ. તિથિ અજય છાંયા પ્રથમ વર્ગ જુનાગઢ
કુ. જયોતિ ગૌરવ દેસાઈ પ્રથમ વર્ગ અમદાવાદ

**એમ.કોમ.**

કુ. કૃપા સુધીરભાઈ વૈષ્ણવ પ્રથમ વર્ગ- જૂનાગઢ

**એમ. કોમ. પાર્ટ-૧**

કુ ખુશાલી ઉત્કલ વૈષ્ણવ પ્રથમવર્ગ રાજકોટ

**એમ. એ.**

આનંદ ચંદ્રકુમાર દેસાઈ દ્વિતીય વર્ગ જુનાગઢ

**એમ.એ. પાર્ટ ૨ :-**

કુ . નેહલ બાલેન્દુ મહેતા પ્રથમ વર્ગ -રાજકોટ
કુ. મીનળ શૈલેષ બુચ (પાર્ટ-૧)પ્રથમ વર્ગ - રાજકોટ

**બેચ. ઓફ માસ મીડીયા (ફાઈનલ)**

કુ. ભાષા પ્રદીપ વૈષ્ણવ- પ્રથમ વર્ગ-મુંબઈ

**ડીપ્લોમા સીઇ.**

રિધમ કુમારભાઈ ધોળકિયા ૯૩%
ઓમ ઈન્સ્ટી.માં પ્રથમ અને
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પાંચમા સ્થાને.

**ડીપ્લોમા એન્જી.** CE 1st **સેમેસ્ટર**

કુ. રિધમ કુમારકાન્ત ધોળકિયા ૯૨.૫% જૂનાગઢ
૮હદક ઇન્સ્ટી.જુનાગઢ કોલેજ પ્રથમ નતગમાં પાંચમા ક્રમે)
રક્ષિત રાજેન્દ્ર અંતાણી ૮૯% જામનગર.

**કેમ.એન્જી. સેમે.-૪**

કુ. મૃગ જગદિપ છાયા પ્રથમ વર્ગ જામનગર

**એસ.વાય.બી. બી.એ.**

અંજલિ સુધીરભાઈ માંકડ ૭૦% જુનાગઢ

**ટી.વાય. બી ફાર્મ**

મનન કુલીનચંદ્ર ઢેબર પ્રથમવર્ગ - જુનાગઢ

**એમ.બી.એ.** સેમે. ૨

ધ્રુવમ પરેશ વૈષ્ણવ પ્રથમ વર્ગ ભુજ

**એમ.બી.એ.**

મોહિત ભુવનેશ વોરા ડીસ્ટી. - જુનાગઢ

**બીઈ** (CE)

કુ. આકાંક્ષા કાર્તિકભાઈ બુચ -
સેમે. ૮ ૭૯% અમદાવાદ
(IT) કુ. નૈસર્ગી પાર્થિવ મહેતા -
સેમે. ૬ એ ગ્રેડ ભાવનગર

**પીજીડીપ્લોમા ઈન પ્રાય. ટીચર્સ ટ્રેઈનીંગ**

શ્રીમતી ઉલ્કા તેજસ વૈષ્ણવ ૯૦% પૂના

**પીજીડીસીએ**

ખ્યાતિ હેમેન્દ્રભાઈ ધોળકિયા પ્રથમવર્ગ રાજકોટ

**એચ.એસ.સી.**

રાજન હિમાંશુ વસાવડા ૮૧% જુનાગઢ
ઋચા વિસ્મયભાઈ દેસાઈ ૭૩% મહુવા
ખુશ્બુ વત્સલભાઈ દેસાઈ ૯૨% વડોદરા
શ્રીમ્ (ડો.)ધર્મેન્દ્રભાઈ વત્સરાજ ૯૮% રાજકોટ
(પી.ડી.યુ. મેડીકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો.)
કંદર્પ નીલેશ માંકડ ૮૪% રાજકોટ
(સૌરાષ્ટ્ર હાઈસ્કુલમાં પ્રથમ સ્થાન)
પ્રેરક નીલેશ માંકડ પ્રથમવર્ગ રાજકોટ

**એસ.એસ.સી.**

કોષા તેજસ વૈષ્ણવ ૭૫% પૂના
આકાશ અજય છાયાં ૭૯% જુનાગઢ
દક્ષલ દિવ્યેશભાઈ શુકલ ૭૬% જામનગર
દ્વિત પન્નગભાઈ વોરા ૮૯% રાજકોટ
(ગણિત-૧૦૦માર્ક) (સમાપ્ત)

# –.–.– લગ્ન વિષયક જાહેરાત –.–.–

નીચેના પાત્રોના ફોન નંબર મેળવવા સવારે ૧૦ થી ૧૨ રાત્રે ૮ થી ૯ દરમ્યાન ૦૨૮૧–૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરશો.

(૧) બી.ઈ.(આઈસી) એમ બી એ (માર્કેટીંગ) આઈટી કંપનીમાં એકઝીકયુટીવ તરીકે નોકરી કરતા જન્મ ૧૯૮૬ વિસનગરા યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૦૭૯–

(૨) એચએચસી સુધી અભ્યાસ, જન્મ ૧૦/૧૯૬૮ ૧૫ વર્ષથી સ્વતંત્ર વ્યવસાય કરતા વિસનગરા યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૦૨૮૧ – ૨૪૪૮૪૬૩

(૩) બી.કોમ. ૫/૧૯૮૮ ૫'૭" ઉંચાઈ, મેડીકલ રીપ્રે. તરીકે નોકરી કરતા યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૦૨૮૧–

(૪) પીજીડીસીએ. જન્મ ૧૧/૧૯૮૫ ,૫'૩" ઉંચાઈ નોકરી કરતી માંગલિક કન્યાને યોગ્ય યુવક સંપર્ક : ૦૨૬૫

(૫) ઓર્થો. ડોકટર,જન્મ ૨/૧૯૮૪ ૫'૭" ઉંચાઈના યુવકને સમકક્ષ કન્યા.સંપર્ક : ૦૨૬૫ –

(૬) બીપીટી જન્મ ૧૧/૮૮,ઉચાઈ ૫'૮" નોકરી કરતી કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૭૯

(૭) બી. કોમ. જન્મ ૬/૮૫ ઉંચાઈ ૬'/૭૦ લી ફાઈ. કંપનીમાં નોકરી કરતા યુવકને સમકક્ષકન્યા સંપર્ક : ૦૨૮૧

---

barchhi.comની વેબસાઈટ ઉપર શરૂ કરવામાં આવેલ લગ્નવાંચ્છુકો માટે તૈયાર કરવામાં આવેલ WED HELP પ્રોગ્રામમાં રજીસ્ટ્રેશન માટે કોઈ ચાર્જ રાખવામાં આવેલ નથી પરંતુ જેઓ પાસે ઈન્ટરનેટની સુવિધા ન હોય તેઓ આ સાથેનું WED HELP માટેના રજીસ્ટ્રેશનનું નીચે મુજબનું Profile ફોર્મ (અંગ્રેજીમાં જ) ભરીને બરછી કાર્યાલયે મોકલી આપી શકે છે જેને અહીંથી સાઈટ ઉપર UPLOAD કરવામાં આવશે..જેનો લાભ મેમ્બર સિવાયના સૌને મળશે. કવર ઉપર WED HELP FORM ખાસ લખશો. તાજેતરમાં કરેલા ફેરફાર મુજબ પાત્રોના કોન્ટેકટ ડીટેઈલ સિવાયની સંપૂર્ણ માહિતી તમે જોઈ શકો છો. નજીવી રકમ છતાં પૂરૂં વળતર અને પારદર્શિતા. વધુ માહિતી માટે સાઈટની મુલાકાત લેવા વિનંતી. અથવા તેમાં દર્શાવેલ મોબાઈલ નંબરનો સંપર્ક કરવા વિનંતી. *: આ નિશાનીવાળી માહિતી ભરવી ફરજીયાત છે.

1) Your Barchhi customer No.*:
2) First Name*:
3) Father's Name*:
4) Last Name*:
5) Address*:
6) City*:
7) State*:
8) Contact No.*:
9) Email Id*:
10) Gender: __Male __Female
11) Date of Birth*:
12) Age*: _____years
13) Height*:
14) Weight*:
15) Education*:
16) Profession*:
17) Annual Income:
18) Extra details (Mangal/Shani/Divorcee):
19) About You (Hobbies/Nature etc.):
20)How many members in your Family?:
21)How many brother do you have?:
22)How many sister do you have?:

**જો આપ વડોદરાવાસી હો તો...**

બારેમાસ સૂકા, તાજા ગુજરાતી નાસ્તા,
બારેમાસની સૂકવણીની વસ્તુઓ,
અલ્પાહાર, નાની કીટીપાર્ટી
કુટુંબમેળાના ફરસાણ- મિષ્ટાનના
આપની અનુકુળતા મુજબના
બજેટ – સમય પ્રમાણે ઓર્ડર માટે
સંપર્ક કરો.

**કાશ્મીરા ઓઝા**

સી- ૪૬ કૃષ્ણધામ સોસાયટી,
સંતકબીર સ્કુલ પાસે, વાસણા રોડ, વડોદરા

**ફોન નં. ૨૨૫૦૪૮૬**

**મો. ૯૮૨૫૫૫૭૭૮૦**


**સંસ્કૃતિ અંતર્ગત નાગર નરસૈયો યુથ કલબ**
**પ્રસ્તુત કાર્યક્રમ 'દિલને ફિર યાદ કિયા...'**
**મોહમ્મદ રફી એવં મુકેશકો**
**આવાઝ-એ-બયાં શ્રીશ્રી ચૈતન્ય (મુંબઈ)**
**સ્વર સાથી-મૌસીકી**
**(સંગીતના સૂર) શૈલેષ પંડયા**
**દિવાને ખાસ : હેમુ ગઢવી ઓડિટોરીયમ,**
**ટાગોર માર્ગ, રાજકોટ.**
**તારીખ : તા. ૧૮-૦૯-૨૦૧૧ને રવિવાર**
**સમય : રાત્રે ૯:૧૫ વાગ્યે (અણીદાર)**
સંયોજક દર્પણાબેન(પ્રમુખ)અને ચૈતન્ય
**રાજકોટ પ્રવેશ ફકત નિમંત્રીતો માટે જ :**
**આપના પાસ માટે ત્વરિત સંપર્ક કરો..**
મો.૯૭૧૪૦૮૮૬૬૬/૯૦૯૯૦૨૮૨૭૦
**પાસ મેળવવાનું સ્થળ** : ક્રિસ્ટલ મોલ મેને.
ઓફીસ, અન્ડર ગ્રા. કાલાવડ રોડ, રાજકોટ.
તા. ૧૪થી ૧૬ સવારે ૧૧થી ૧ સાંજે ૫થી ૬


# ABM TRAVELS

**HOLIDAY PACKAGE TOURS**

**Singapore - Malaysia (5N/6D) Rs.48750**
**Singapore-Malaysia-Thailand (9N/10D)**
**Rs.59750 Per Adult/All Inclusive.**

**SPECIAL HONEYMOON TOURS**

Himachal Kerala Goa
Mauritius/Maldives /Thailand /Bali Srilanka

**CRUISE TOURS**

Star Cruise : Singapore-Malaysia-Thailand
Royal Cerribian : Mediterranean / Scandinevia
MSC Cruise : Northan Europe/Mediterranean
Holand American : Alaska/Canada/Bermuda
Indian Cruise : Cochi-Lakshadweep/Maldivess

**LUXURY TOURIST TRAINS**

Palace on Wheels/Royal Rajasthan/Decan
Odyssey/Golden Chariot/Maharaja Express

**Booking of International destinations**

**SOTC - THOMAS COOK - COX & KING**
**STAR TOURS - CLUB 7 - KESARI**

**Avinash Mehta, Mumbai 09820817318**
**abmtravels@gmail.com 022-26209168**



**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**

સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ
ગોલવાડ, બરોડા બેન્કની બાજુમાં,
સિધ્ધપુર. ફોન : ૦૨૭૬૭-૨૨૧૯૩૫



KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011

If not delivered Pl. return to :
Barchhi Karyalaya,' Sanjog' Harihar Society,
Kalawad Rd. Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩

## બાળ ઉછેરનાં નવ પગથિયાં – મનહર જે. વૈષ્ણવ, રાજકોટ.

બધા પોતાના બાળકોને હૃદયથી ચાહતા હોય, બાળક જીવનમાં પોતાનાથી પણ સવાયો થાય તેવી માબાપની ઈચ્છા હોય છે તો પછી તેના બાળવયથી જ શામાટે તેવા પ્રયત્નો ન કરવા ? તો ચાલો આ વણમાગી નવ શીખને નવ પગથિયા ગણી બાળકના યોગ્ય ઘડતર સાથે કેળવીએ.

(૧) તમારા બાળકને સુંવાળા જીવનની આદતનો શિકાર ન બનવા દો,સ્વચ્છંદી પણ નહી. (૨) મોંઘીદાટ વસ્તુઓ ખરીદવાની તથા બહારની ચટપટી વાનગીઓ આરોગવાની ટેવ ન પાડશો, તેને હમેંશા રૂપિયાનું મહત્વ સમજાવો અલબત લોભવૃતિથી દૂર રાખીને. (૩) એના મોજશોખને અને તેની સતત માગણીઓને ઉદારતાથી પોષશો નહી,કોઈની દેખાદેખીથી કશું કરવાની છુટ કે પ્રોત્સાહન ન આપશો. (૪) દરેકના માટે એનામાં આત્મીયતા અને સન્માન જાગે તેવા પ્રયત્ન કરી તેના વિકાસમાં મદદ કરશો. (૫) ધાક, ધમકી,ભય કે સજા કરવાને બદલે તેની સાથે સંવાદભરી મૈત્રી રાખશો. (૬) એનું મૂલ્યાંકન શાળાના પ્રગતિપત્રકના આધારે નહી,પરંતુ તેની સમજણને તમે સમજવા કઈરીતે માગો છો તેના આધારે કરશો. તેની ખામીઓને પ્રેમથી સુધારવાની અને ખુબીઓને વિકસાવવામાં સહાય કરો, અમીરીને અહંકારનો અને ગરીબીને લાચારીનો વિષય ન માને તેનું ખાસ ધ્યાન રાખશો. (૭) પરીક્ષામાં કે રમતગમતોમા કે અન્ય સ્પર્ધાઓમાં પારિતોષિક કે ઈનામની લાલચે ભાગ ન લેવડાવશો. (૮) તમારા પોતાના ઘર,બહાર,વાતચીત,ચર્ચાવિચારણાના વર્તનમાં ખુબ મર્યાદા રાખો,બાળક સતત જાણે અજાણે તેનું નિરીક્ષણ કરતું હોય છે.બાળકની લાગણીને ઠેસ પહોંચે તેવું તેની સાથે કયારેય વર્તન ન કરશો. (૯) માતૃત્વ કે પિતૃત્વ પદ મફતમાં માણવાનો વિષય નથી જીવનનો એક હિસ્સો કાપીને સંતાનનું ઘડતર કરવાનું હોય છે,નથી મા બાપ ખરાબ કે નથી સંતાન ખરાબ, ખરાબ બાબત માત્ર બન્ને વચ્ચેના સંવાદનો અભાવ. બાળકને હંમેશા તમારા કાન આપો.


## ---- મંગલ મેરેજ બ્યુરો ----

સંપર્ક કરો : ૦૨૮૧ ૨૫૭૦૬૮૧
MAIL mamtadhebar@yahoo.in

**યુવકો :**

– ઓકટો ૮૨ (મંગળ) કોમ્પ્યુટર એન્જીનીયર વજન ૯૦ કીલો ઉંચાઈ ૫'૭ એમએનસીમાં નોકરી.

–નવેમ્બર ૮૪(ચોખ્ખા ગ્રહ) એલએલએમ વીઝીટીંગ લેકચરર ત્થા પ્રાઈવેટ પ્રેકટીશ ઉંચાઈ ૫'૫.

–ડીસેમ્બર ૮૨ (ચોખ્ખા ગ્રહ) બીએસસી, એમબીએ આસી. મેનેજર તરીકે નોકરી.

–ઓકટોબર ૮૪ (શની) મીકેનીકલ એન્જી. રિલાયન્સમાં નોકરી.

–જુલાઈ ૮૪ (દચય-અમેરીકા) બી.ઈ. એમ.એસ. (ટેકસાસ) (મંગળ) ઉં. ૫'૧૦ અમેરીકા જવા ઈચ્છુક

**અભિનંદન :**– હાર્દિક પોટા અને ખેવના વૈષ્ણવ
શમિત માંકડ અને નૂપુર વોરા

## હોમ ફોર ગર્લ્સ (આ હોસ્ટેલ નથી)

"રાજકોટમાં રહીને વિવિધ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતી નાગર વિદ્યાર્થીનીઓ માટે..."

**સુવિધાઓ :**

(૧) સ્વતંત્ર રહેવાની વ્યવસ્થા (રૂમ શેરીંગ) (૨) બન્ને ટાઈમ જમવાની તથા ચા–નાસ્તા ની વ્યવસ્થા (૩) પ્રફુલ્લીત અને સુંદર વાતાવરણ (૪) પાર્કીંગની વ્યવસ્થા (૫) કાલાવડ રોડ સ્થિત શાળા કોલેજથી તદ્દન નજીક (૬) માત્ર ૬ જ વિદ્યાર્થીનીઓ

'વહેલા તે પહેલાના ધોરણે
(નાગરને પ્રથમ પસંદગી)

**સંચાલક : શ્રીમતી ખુશી નિર્મિત છાયા**
**મો. ૯૩૭૫૩૩૨૧૧૧**
**ઘર : ૦૨૮૧–૨૩૩૨૧૧૧**